

**વિધાનસભામાં ગાંધીનગર** - ધનંજય જોષી

# જમીન માપણી અને રી સર્વે પાછળ ૩.૨૧ કરોડનો ખર્ચ

ગાંધીનગર જિલ્લામાં જમીન માપણી રી સર્વેની કામગીરી કેટલી પુર્ણ અને બાકી છે તેમજ કઇ એજન્સીને કામ સોંપવામાં આવ્યુ છે ? વિરમગામના ધારાસભ્ય લાખાભાઇ ભીખાભાઇ ભરવાડના પ્રશ્ન સંદર્ભે મહેસુલ મંત્રીએ જણાંવ્યા મુજબ જિલ્લાના ચારેય તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પુર્ણ થઇ ગઇ છે. જયારે રી સર્વેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જયારે આ કામગીરી જિલ્લામાં સાયન્સ લિ બેંગલોરને સોંપવામાં આવ્યુ છે. જેની પાછળ રૂ ૩.૨૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જિલ્લામાં રી સર્વેની કામગીરી પણ શકય તેટલી ઝડપથી પુર્ણ કરી દેવામાં આવશે.

- **જિલ્લાના ૨૫૧ ખેડુતોને નુકશાની બદલ રૂ ૨૦.૪૮ લાખની સહાય**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અતિવૃષ્ટિ અને કુદરતી હોનારતના કારણે ખેડુતોને જાનમાલ તથા ખેતપાકોને કેટલી રકમનુ નુકશાન થયુ ? કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના મહેસુલમંત્રી જણાંવ્યા મુજબ જિલ્લાના ચારેય તાલુકામાં પશુ મૃત્યુ અને ખેતીના પાકને અનુલક્ષી જિલ્લાના ૨૫૧ ખેડુતોને ૨૦.૪૮ લાખની સહાય ચુકવવામાં આવી છે. જેમાં કલોલના ૧૦૩ ખેડુતો,માણસાના ૩૩,ગાંધીનગરના ૪૪ અને દહેગામના ૭૧ ખેડુતોને સહાય ચુકવવામાં આવી છે. આવા સંજોગોમાં ખેડુતોને ખેતીના પાક માટે વધુમાં વધુ રૂ ૨૭ હજાર તેમજ ઓછામાં ઓછા રૂ ૧૦૮૦ ચુકવવામાં આવે છે.

- **વિકલાંગ વિમા સુરક્ષા કવચ હેઠળ ૧૬૨૬૪ ને વિમો**

વિકલાંગ વિમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેનારી યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં તાલુકાવાર વિકલાંગોનો કેટલી રકમનો વિમાનુ રક્ષણ પુરુ પાડવામાં આવ્યુ જયારે સરકારે કેટલી રકમનુ પ્રિમિયમ ભર્યુ છે ? દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદીન શેખના પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ ચારેય તાલુકામાં કુલ ૧૬૨૬૪ વિકલાંગોનો રૂ ૧ લાખની રકમનો વિમો ઉતારવામાં આવ્યો છે. સરકારે બે વર્ષમાં ૩૦ લાખનુ પ્રિમિયમ વિમા નિયામકને ચુકવ્યુ છે.

- **બે વર્ષમાં જમીનમાં એન એ માટે ૧૦૮૬ અરજી**

જિલ્લામાં બે વર્ષમાં જમીનના એન એ કેસોની કેટલી અરજીઓ આવી અને કેટલી પડતર છે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં ૧૦૮૬ અરજી આવી જયારે આ અન્વયે ૧૯ અરજીઓ પડતર છે.

- **ગણોતધારા હેઠળ જમીન ખરીદ કિંમત ભરાઇ હોય તેવા ૩૯૩ કેસ**

ગણોતધારા હેઠળની જમીન ખરીદ કિંમત ભરાઇ હોય તેવા કેસોની સંખ્યા કેટલીછે. અને બાકી કેસો કેટલા છે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના પ્રશ્નના ઉત્તરમાં મહેસુલમંત્રી આપેલા જવાબ મુજબ આવા કેસોની સંખ્યા ૩૯૩ છે. જયારે ખરીદ કિંમત ભરાઇ ન હોય તેવા ૧૩૮૮ કેસો બાકી છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજયસભાના જંગ માટે ૭ ઉમેદવારીપત્ર માન્ય

## ભાજપના ૪ અને કોંગ્રેસના ૩ ઉમેદવારી પત્રો માન્ય : પાંચ કલાકથી પણ વધુ સમય ચકાસણીની કામગીરી ચાલી

ગાંધીનગર, તા. ૧૩

રાજયસભાની ખાલી પડેલી ૪ બેઠકોની ચૂંટણી માટે આજે હાથ ધરાયેલી ઉમેદવારી પત્રોની ચકાસણીમાં ૭ ઉમેદવારી પત્ર માન્ય રહ્યા હતા જ્યારે અપક્ષ ઉમેદવાર પરેશ મુલાણીનું ઉમેદવારીપત્ર અમાન્ય રહ્યુ હતુ.

આજે પાંચ કલાકથી વધુ સમય સુધી આ ચકાસણીની કામગીરી ચાલી હતી. ભાજપ તરફથી કોંગ્રેસના ઉમેદવાર નારાયણ રાઠવાની ઉમેદવારીને લઈ ઉગ્ર રજુઆતો થઈ હતી. જો કે કોંગ્રેસ પક્ષે પણ સામે એટલી જ ઉગ્રતાથી રજુઆતોનું ખંડન કર્યુ હતુ. રાઠવાના ઉમેદવારી પત્રને લઈ એક કલાકથી વધુ સમય સુધી બન્ને પક્ષો દ્વારા સામસામી દલીલો થઈ હતી. જો કે અંતે ચૂંટણી અધિકારીએ રાઠવાના ઉમેદવારી પત્રને માન્ય રાખવામાં આવે છે તેવી જાહેરાત કરી હતી.

કોંગ્રેસ પક્ષે પણ ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય રાજયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાની ઉમેદવારીને લઈ સરનામુ, સહિ વગેરે અલગ અલગ હોવાની દલીલો સાથે વાંધા રજુ કર્યા હતા.

કીરીટસિંહ રાણાના ઉમેદવારી પત્રમાં પણ કોંગ્રેસ દ્વારા વાંધા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા. આજે ઉમેદવારોની ચકાસણીને લઈ બન્ને પક્ષો દ્વારા આક્રમક વલણ અખત્યાર કરવામાં આવ્યુ હતુ.

ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, રાજ્ય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, દંડક પંકજભાઈ દેસાઈ, પરેન્દુભાઈ ભગત સહિતના અગ્રણીઓ સતત દોડધામ કરતા દેખાયા હતા. તો કોંગ્રેસ પક્ષમાંથી શક્તિસિંહ ગોહિલ, બાબુભાઈ માંગુકિયા, અમીબેન યાજ્ઞિક અને તેમની ટીમ પણ વિપક્ષી નેતા પરેશ ધાનાણી, ઉપનેતા શૈલેષ પરમાર સહિતના આગેવાનો દોડધામ કરતા દેખાયા હતા.

પ્રથમ દોઢ કલાકમાં ભાજપના બે સત્તાવાર ઉમેદવારો મનસુખભાઈ માંડવિયા અને પુરૂષોત્તમભાઈ રૂપાલાના ઉમેદવારી પત્રો માન્ય રહ્યા હતા. આ પછી કિરીટસિંહ રાણા, રજનીભાઈ પટેલના ઉમેદવારી પત્રો માન્ય રહ્યા હતા. સાડા ત્રણ

● અનુસંધાન પાન-૭ પર



પર્યાવરણ જાળવણીની ઘોર ઉપેક્ષા - ગાંધીનગરમાં દિન પ્રતિદિન જાહેરમાં કચરો સળગાવવાની પ્રવૃત્તિ ફુલી-ફાલતી જાય છે... સર્વોચ્ચ અદાલતના ચુકાદા બાદ પણ જાહેરમાં કચરો સળગાવી સળગાવનારાઓ સામે કોઈ કડક શિક્ષા થતી નથી જેના પગલે આજકાલ ઝાડ પરથી ખરેલા પાંદડા, કાગળો, પ્લાસ્ટીક અને ઝીણો-ઝીણો કચરો ઠેર ઠેર સળગાવાતો જોવા મળે છે... જેના પગલે પ્રદૂષણમાં ભારે વધારો થઈ રહ્યો છે....

# પેથાપુર ભાજપના તમામ નગરસેવકોના પક્ષમાંથી સામુહિક રાજીનામાથી ભૂકંપ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા ભાજપમાં આજે મોટો ભૂકંપ સર્જાયો છે. પેથાપુર નગરપાલિકાના ભાજપના તમામ સભ્યોએ આજે પક્ષના સભ્યપદેથી સામુહિક રાજીનામા આપ્યા છે.

પેથાપુર નજીક ડમ્પીંગ સાઈટ બનાવવાના નિર્ણયના વિરોધમાં આજે ભાજપના તમામ સભ્યોએ સામુહિક રાજીનામા આપવાનો નિર્ણય કર્યો છે.

નગરપતિ રણજીતસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે પહેલા જીઈબીની એશ ઠાલવી અને હવે કચરો નાખી પેથાપુરના આરોગ્યને જોખમાવવા નિર્ણય સાથે અમે સહમત થઈ શકીએ નહિ. આ મુદ્દે વારંવાર રજુઆતો પછી પણ નેતાગીરી કે સરકાર જો કોઈ નિર્ણય ના કરી શકતી હોય તો અમારે એ પક્ષ સાથે રહેવાનો કોઈ અર્થ રહેતો નથી.

તેમણે જણાવ્યુ છે કે પેથાપુર શહેરમાં સર્વે નંબર ૩૦૫૩માં રાજ્ય સરકાર દ્વારા લેન્ડફીલ સાઈડ માટે ૫૦ એકર જમીન ઉપરોક્ત સર્વે નંબરમાં માપણી કરી ગાંધીનગર કોર્પોરેશનને સમગ્ર ગાંધીનગરનો કચરો પેથાપુરમાં નાખી આજુબાજુના તમામ રહીશોનું આરોગ્ય જોખમાય તેવી સ્થિતિનું નિર્માણ કરેલ છે. આ બાબતે તા. ૨-૮-૨૦૧૭ના રોજ શહેરી મંત્રી નિતીનભાઈ પટેલે કલેક્ટરને પત્ર ક્રમાંક નં. ૯૫/૩૧/૩/૧૭ લેન્ડફીલ સાઈડ પેથાપુરમાંથી નગરપાલિકાના પ્રમુખ અને બોડીની રજુઆતોના આધારે રદ કરવા લેખિત સુચના આપેલ છે. છતા આ બાબતે કલેક્ટર દ્વારા રાજકીય રીતે સર્વે નંબરમાં નોંધ પાડી દીધેલ છે.

આ બાબતે ભાજપ દ્વારા પેથાપુરમાં ગૌરવયાત્રા નીમિત્તે જાહેર સભા હતી. આ જાહેર સભામાં ભાજપના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા શહેરી મંત્રી નિતીનભાઈ પટેલ દ્વારા જાહેરમાં પેથાપુરમાં લેન્ડફીલ સાઈડ નહી આવે તેવુ જાહેર નિવેદન કરેલ હતુ. ઉપરોક્ત તમામ

● અનુસંધાન પાન-૭ પર

# વ્યસનમુક્તિ માટે દંડનીય કાર્યવાહી નહિ સામાજિક જાગૃતિ મહત્વની : ડીડીઓ

ગાંધીનગર, તા. ૧૩

વ્યસનમુક્તિ માટે દંડનીય જોગવાઈઓ કરતાં સામાજિક જાગૃતિ મહત્વની છે અને સામાજિક જાગૃતિ માટે પંચાયતોની સક્રિયતા એટલી જ મહત્વની છે તેમ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જણાવ્યુ છે.

ટોબેકો કંટ્રોલ એક્ટીવીટીના ભાગરૂપે આજે ગાંધીનગર તાલુકાના સરપંચ-તલાટીઓના યોજાયેલા વર્કશોપમાં બોલતાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે માનવીય મૃત્યુના કારણો પર જો વિચારીશુ તો ૫૦ ટકાથી વધુ મોત વ્યસનને કારણે થયા છે તેવુ જણાશે.

તેમણે તમાકુના વ્યસનમાં મહિલાઓ પણ હોવાની વાતને લઈ ખુબજ ચિંતા દર્શાવી જણાવ્યુ હતુ કે મહિલાઓ થકી સામાજીક જાગૃતિનું કામ વધુ અસરકારક થતુ આવ્યુ છે ત્યારે આવી વાતો ચિંતા ઉપજાવે છે.

જિલ્લા વિકાસ અધિકારીએ જળસંચયની વાત પણ આ પ્રસંગે કરી હતી એટલુ જ નહિ ગામમાં પેયજળના નિયમિત ક્લોરીનેશન સાથે તેનુ વિતરણ થાય તે જોવા સૌ પદાધિકારીઓને વિશેષ આગ્રહ કર્યો હતો.

જિલ્લામાં ક્લોરીનેશનની કામગીરીનું સઘન મોનીટરીંગ પણ તંત્ર દ્વારા કરવામાં આવે તે માટે તેમણે ટકોર કરી હતી અને ક્ષેત્રીય કચેરીઓની મુલાકાત વેળાએ ગામની ટાંકીની સફાઈ તેમજ ક્લોરીનેશન માટે ક્રોસ વેરીફીકેશન થાય તે જોવા કહ્યુ હતુ.

આ પ્રસંગે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી અને આરોગ્ય વિષયક સેવાઓને ગુણવત્તાસભર બનાવવાની વાત કરી હતી. તેમણે આરોગ્યની વિવિધ યોજનાઓના અમલમાં ખાસ કરીને ચાલી રહેલા ફેમીલી હેલ્થ સર્વેની કામગીરીમાં પદાધિકારીઓ સહયોગ આપે તેવી અપીલ કરી હતી.

આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી સુશ્રી જાહનવી પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ત્રિવેદી, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. તુલશ્યાન તેમજ અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

# કોંગીના ૨૮ ધારાસભ્યો સસ્પેન્ડ

## ખેડૂતોના પ્રશ્ને ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ દ્વારા ધાંધલ ધમાલ : ગુજરાત વિધાનસભા ગૃહના અધ્યક્ષે એક દિવસ માટે ધારાસભ્યોને સસ્પેન્ડ કરતા ઉત્તેજના : દંડક દ્વારા વિનંતી કરાયા બાદ સસ્પેન્શન પાછુ પણ ખેચાયું

ગાંધીનગર,તા. ૧૩

ગુજરાત વિધાનસભામાં આજે ખેડૂતોના પાક વીમો, ટેકાના ભાવ સહિતના પ્રશ્નોને લઇ વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો અને એક તબક્કે વેલમાં ધસી ગયા હતા. કોંગ્રેસના ધારાસભ્ય વીરજી ઠુમ્મર અધ્યક્ષ તરફ વેલમાં ધસી જતાં અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ વીરજી ઠુમ્મરને એક દિવસ માટે સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી દીધી હતી. તો, વિપક્ષના વેલમાં સૂઇ ગયેલા અને હોબાળો મચાવતાં તમામ ધારાસભ્યોને ગૃહમાંથી બહાર લઇ જવાની સાર્જન્ટસને સૂચના આપતાં કોંગ્રેસના ધારાસભ્યોને એક તબક્કે ટીંગાટોળી કરી ગૃહની બહાર કાઢવામાં આવ્યા હતા. બીજીબાજુ, કોંગ્રેસના સિનિયર ધારાસભ્ય વીરજી ઠુમ્મરને સસ્પેન્ડ કરાતાં કોંગ્રેસના ધારાસભ્યોએ ભાજપ સરકાર વિરોધી જોરદાર નારા લગાવ્યા હતા અને જબરદસ્ત હોબાળો મચાવ્યો હતો. ઠુમ્મરના સસ્પેન્શનનો વિરોધ કરતાં અન્ય ધારાસભ્યો ઈમરાન ખેડાવાલા, પ્રતાપ દુધાત અને હર્ષદ રિબડીયા સહિત ૨૮ ધારાસભ્યોને આજના દિવસ માટે સસ્પેન્ડ કરાયા હતા. જો કે, બાદમાં વિપક્ષના દંડક અમિત ચાવડા દ્વારા અધ્યક્ષને પ્રશ્નોત્તરી બાદ વિનંતી કરાતાં આખરે કોંગી ધારાસભ્યોનું સસ્પેન્શન પાછુ ખેંચાયું હતું. સસ્પેન્ડ કરાયેલા કોંગી ધારાસભ્ય વીરજી ઠુમ્મરે અધ્યક્ષના નિર્ણયને વખોડતાં જણાવ્યું કે, ખેડૂતોના મુદ્દે

● અનુસંધાન પાન-૭ પર




# આજે ધો-૧૦માં વિજ્ઞાન અને ૧૨માં રસાયણ વિજ્ઞાનની પરીક્ષા

ગાંધીનગર તા ૧૩

ધોરણ -૧૦ અને ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ થઇ ગયો છે. પરીક્ષાના બીજા દિવસે આજે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં ઈતિહાસ અને તત્વજ્ઞાન વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી. જિલ્લામાંથી ૪૭૯ વિદ્યાર્થીઓએ ઈતિહાસની પરીક્ષા આપી હતી.જેમાં ૨૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જયારે ૩૪૪૪ વિદ્યાર્થીઓએ તત્વજ્ઞાન વિષયની પરીક્ષા આપી હતી. જયારે તત્વજ્ઞાનની કસોટીમાં ૬૩ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. આજે ધો-૧૦ માં વિજ્ઞાન અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓ રસાયણવિજ્ઞાનની પરીક્ષા આપશે.

ધોરણ -૧૦ અને ૧૨ માં બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થઇ ગયો છે. જયારે વિદ્યાર્થીઓ પોતાની વર્ષ દરમિયાનની મહેનતનો નિચોડ પરીક્ષામાં ઉતારવા માટે ઉત્સુક છે. ત્યારે પરીક્ષાના પ્રારંભે પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર સાથે હાંશકારો પ્રવર્તયો છે. જયારે આજે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં ઈતિહાસ અને તત્વજ્ઞાન વિષયની પરીક્ષા યોજાઇ હતી. જો કે પેપર એકંદરે સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશ અનુભવી હતી. ધોરણ -૧૦ માં આજે વિજ્ઞાન અને ધોરણ -૧૨ માં વિદ્યાર્થીઓ રસાયણવિજ્ઞાનની કસોટી આપશે. બન્ને ધોરણોમાં મહત્વના પેપરો હોવાથી વિદ્યાર્થીઓ આખરી તબક્કાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે. જયારે ધોરણ -૧૨ કોમર્સમાં પણ આંકડાશાસ્ત્રનુ પેપર હોવાથી આ પરીક્ષા વિદ્યાર્થીઓ માટે વધુ મહત્વની બની રહેશે. જિલ્લામાં પરીક્ષાના પ્રારંભે એક પણ કોપી કેસ નોંધાયો નથી.

**પ્રથમ માસિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



**સ્વ.શારદાબેન પોપટભાઈ પટેલ**
સ્વ.તા.૧૪-૩-૨૦૧૮

જીવન એવું જીવી ગયાં કે અમો કદી ભૂલશું નહીં,
વિદાય એવી લીધી કે અમે કદી વિશરશુ નહીં,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી થઇ વિદાય, યાદ અમારા દિલમાં રહેશે સદાય.
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના...

પોપટભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (પૂર્વ ધારાસભ્ય, ગાંધીનગર)
કાલીદાસ વિઠ્ઠલભાઈ પટેલ (ચેરમેન, ધી ગાંધીનગર અર્બન કો.ઓ.બેંક લિ.)
જશુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
કનુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
સવિતાબેન ગુણવંતકુમાર પટેલ
ધવલ પોપટભાઈ પટેલ (પુત્ર)
વૈશાલી ધવલ પટેલ (પુત્રવધુ)
દિવ્યા હિમાંશુકુમાર વૈદ્ય (પુત્રી)
કુંતલ કિર્તનકુમાર પટેલ (પુત્રી-USA)
તથા સ્વ.મોતીભાઈ બકોરભાઈ પટેલ પરિવાર, વાવોલ

**વોક-ઈન-ઈન્ટરવ્યુ**

(૧) એડમીનીસ્ટ્રેટીવ આસિસ્ટન્ટ
(૨) બેક ઓફીસ વર્ક માટે /ટેકનીકલ સપોર્ટ માટે છોકરા-છોકરીઓ

લાયકાત : હાઈસ્કુલ, ડીપ્લોમા અને ઈક્વિવેલન્ટ, બી.કોમ., એમ.કોમ., બી.બી.એ.
આવડત : બેઝીક કોમ્પ્યુટર નોલેજ, ઓફીસ મેનેજમેન્ટ, બુક-કીપીંગ, એકાઉન્ટના જાણકાર

ROBOKITS INDIA
B1+B3+B3/5, જી.આઈ.ડી.સી.સ સેક્ટર-૨૫, ગાંધીનગર
Mo. : 7878967626

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com